# દુનિયામાં કંઈક કરી બતાવવા શિક્ષણ એ જ એક માત્ર ઉપાય છે-નટુભાઈ મકવાણા

**રાજકોટ,** સમગ્ર રાજયમાં ચાલી રહેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮ના અંતીમ ચરણમાં નિગમના ઉપાધ્યક્ષશ્રી નટુભાઈ મકવાણાએ રાજકોટ તાલુકાના બેડલા ગામે ૫૧ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો અને બારવણ ગામે ૧૨ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત રાજય વિચરતી અને વિમુકત જાતી વિકાસ નિગમના ઉપાધ્યક્ષશ્રી નટુભાઈ મકવાણાએ બાળકોને જણાવ્યું હતું કેદુનિયામાં કંઈક કરી બતાવવા શિક્ષણ એ જ એક માત્ર ઉપાય છે. શ્રી મકવાણાએ ઉમેર્યું હતું કે સરેરાશ ૧૦૦ વર્ષની જંદગીમાં માત્ર ૧૫ વર્ષ ભણવાથી બાકીના ૮૫ વર્ષો ઉત્તમ રીતે ગાળી શકાય છે. અન્ય દેશના છાત્રો જયારે ભારતમાં અભ્યાસ કરવા આવે છે. ત્યારે દેશના છાત્રો ઉત્તમ શિક્ષણ મેળવે તે ખુબજ જરૂરી છેએમ પણ તેમણે ઉમેર્યું હતું.

બેડલા ગામ ખાતે બેડલા તાલુકા શાળા, બેડલા સીમ-૨ પ્રથમિક શાળા, બેડલા સીમ-૩ પ્રાથમિક શાળા તથા શીવમ માધ્યમિક શાળાનો સંયુકત શાળા પ્રવશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આંગણવાડી, ધો.૧ તથા ધો. ૯માં ૩૩ કુમારો અને ૧૮ કન્યાઓમળી કુલ ૫૧ બાળકોને શાળા પ્રવેશ કરાવાયો હતો. બારવણ ગામમાં ૯ કુમાર તથા ૩ કન્યા મળી કુલ ૧૨ બાળકોને શાળા પ્રવેશ કરાવાયો હતો.

ક્રાંતિ માનવ ટ્રસ્ટ, ભારત વિકાસ પરીષદ અને માંધાતા ગ્રુપ બેડલા તરફથી નવા પ્રવેશ મેળવતા બાળકોને ઉપાધ્યક્ષશ્રી નટુભાઈ મકવાણાના હસ્તે શૈક્ષણિક કીટ એનાયત કરવામાં આવી હતી.

મનુષ્ય ગૌરવગાનથી કાર્યક્રમનો શુભારંભ થયા બાદ આમંત્રિતોનું પુસ્તક દ્વારા સ્વાગત કરાયું હતું. શાળાના બાળકોએ આ પ્રસંગે દેશભક્તિ ગીત, યોગ નિદર્શન વગેરે કાર્યક્રમો રજૂ કર્યા હતા. ધો. ૩ થી ધો. ૮માં પહેલો, બીજો અને ત્રિજો નંબર મેળવનાર ચારેય શાળાના છાત્રોને આમંત્રિત મહાનુભાવોના હસ્તે શિલ્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા.આ પ્રસંગે શાળાના છાત્રોને પાઠય પુસ્તકો, સાયકલ, શિષ્યવૃતિ અને ગણવેશ વગેરે પણ અપાયા હતા.

રાષ્ટ્રીય કક્ષાની શિષ્યવૃતિ મેળવનાર કુ. કાગળીયા રસીલાનું ઉપાધ્યક્ષશ્રી નટુભાઈ મકવાણાએ સન્માન કર્યું હતું. વૃક્ષારોપણ, બેટી બચાવો વગેરે વિષયો પર શાળાના બાળકોએ સુંદર વકતવ્ય આપ્યા હતા. કાર્યક્રમના અંતે સમુહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું તથા શાળાના પ્રગતી અહેવાલનું પઠન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સરપંચશ્રી ભારતીબેન બોદર, ઉપસરપંચશ્રી વિરજીભાઈ રાઠોડ, ગ્રામ પંચાયતના સભ્યશ્રી જસમતભાઈ ધનવાણી તથા અમીતભાઈ સોરાણી, તાલુકા વિકાસ અધીકારીશ્રી પી.જી.જાડેજા, તલાટી કમ મંત્રીશ્રી શારદાબેન અજોડીયા, સી.આર.સી.શ્રી દિવ્યેશભાઈ ત્રીવેદી, શાળાના આચાર્યોશ્રી અંબાલાલભાઈ વાઘેલા, જતિનભાઈ પરમાર, રમાબેન વાઘેલા તથા અનીલભાઈ પટેલ, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.

# વિશ્વ પર્યાવરણ સપ્તાહ નિમિત્તે કેશોદ શહેરમાં યોજાયા પર્યાવરણ જાગૃતિલક્ષી કાર્યક્રમો

**જુનાગઢ,** વિશ્વ પર્યાવરણ સપ્તાહ અભિયાન અંતર્ગત કેશોદ શહેરી વિસ્તારમાં પર્યાવરણ જાગૃતિલક્ષી કાર્યક્રમો કેશોદ નગરપાલીકાનાં તત્કાલીન પ્રમુખશ્રી લાભુબેન પિપળીયાનાં માર્ગદર્શન તળે ચિફ ઓફીસર ચાવડાની દેખરેખ તળે યોજાયા હતા. કેશોદ શહેરનાં રાજમાર્ગો પર પર્યાવરણ બચાવો બેનર સાથે જનજાગૃતિ રેલી યોજવામાં આવી હતી. શરદ ચોક ખાતે કેશોદ શહેરનાં નાગરિકોની સંગાથે નગરપાલીકાનાં કર્મચારીઓ, નગરસેવકો, ગ્રામ આગેવાનો, સ્વયંસેવી સંસ્થાઓનાં પ્રતિનીધીશ્રીઓની ઉપસ્થિતીમાં પર્યાવરણ જાળવણી,વૃક્ષ ઉછેર-વૃક્ષોનું સંવર્ધન કરવા સંકલ્પ લેવાયો હતો. પ્લાસ્ટીકની બેગના વિતરક, રીટેઈલરોની હાજરીમાં પ્લાસ્ટીક મુક્ત શહેર વિષયે વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૦ માઈક્રોનથી પાતળા ઝબલા નહીં વાપરવા અંગે સુચનાઓ આપવામાં આવી હતી. રેગ પિકર્સ તથા ડોર ટુ ડોર કલેકશન વાળાનો પ્લાસ્ટીક છોડો પર્યાવરણ બચાવો વિષયે વર્કશોપ રાખવામાં આવ્યો હતો. ચાની કીટલી, ફરસાણ, પાર્લર,ડેરી વેપારીઓનાં રીફ્યુસ રીયુઝ રીસાયકલ બાબતે પ્રોડક્ટની માહિતી અંગેની સમજણ આપવામાં આવી હતી. પીપલીયા નગર ખાતે સખીમંડળની બહેનોની કાર્યશિબિર યોજી પર્યાવરણ જાગૃતિનાં પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કેશોદ પ્રગતિ મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી શારદાબેન રાખોલીયા અને બહેનો દ્વારા કાપડની થેલીનું વિરતણ કરી પ્લાસ્ટીક મુક્ત શહેર બનાવો જાગૃતિ અભિયાન શરૂ કરી પ્લાસ્ટીકનો વપરાશ નહીં કરવા અને સેનીટેશનનાં સ્ટાફને વેસ્ટ સેગ્રીકેશન અંગે વૃકશોપ દ્વારા જાણકારી આપવામાં આવી હતી. ઈકો ફ્રેન્ડોલી પ્રોડક્ટસની માહિતી અને તેમનાં ફાયદા અંગે સમજણ આપવામાં આવી હતી. નગરપાલીકાનાં ફાયર સ્ટેશન, ગાર્ડન અને રેલ્વે સ્ટેશન ખાતે વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યુ હતુ.પ્લાસ્ટીકનો વપરાશ બંધ કરાયેલ હોય તેવા કેશોદ શહેરનાં વેપારીઓનું નવા વરાયેલ નગગરપાલીકાનાં પ્રમુખશ્રી યોગેશભાઈ સાવલીયાએ સન્માન કર્યુ હતુ. હવે કેશોદ શહેરમાં જો કોઈ ૫૦ માઈક્રોનથી પાતળા ઝબલા વાપરતા કે ગ્રાહકને આપતા જોવા મળશે તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આ ઉજવણીમાં શ્રી વિઠ્ઠલાણીભાઈ, શ્રી ઠુમરભાઈ, આરોગ્ય શાખાના કર્માચારીઓ, વી.આર. દઢાણીયા, કારાભાઈ ઓડેદરા, સહિત કેશોદ નગરપાલીકાની ટીમે જહેમત ઉઠાવી હતી.

# કાંગશિયાળી પ્રા. શાળામાં ભૂલકાઓને પ્રવેશની પા..પા.. પગલી કરાવતા ડીસીપી કરણરાજ વાઘેલા

રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના આજે બીજા દિવસે રાજકોટ શહેર પોલીસના નાયબ પોલીસ કમિશનર શ્રી કરણરાજ વાઘેલાએ લોધિકા તાલુકાની કાંગશિયાળી પ્રાથમિક શાળામાં પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન કરાવ્યું હતું અને તેમણે આ બાળકોને શાળામાં પ્રવેશ કરાવી તેમના વિદ્યાભ્યાસનો પ્રારંભ કરાવડાવ્યો હતો.

વેકેશનનો સમયગાળો પૂર્ણ થયા બાદ નવા સત્રનો પ્રારંભ થતાંની સાથે જ પ્રાથમિક શાળાઓ બાળકોના કિલકિલાટથી ગુંજી ઉઠી છે. નવા આવનારા બાળકોને શાળામાં પ્રવેશ શાળા પરિવાર દ્વારા શાનદાર રીતે કરાવવામાં આવે અને તેના પરિણામે શાળામાં તે બાળકનું સ્થાયીકરણ થાય એવા શુભાશયથી છેલ્લા સોળ વર્ષથી યોજતા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં લોધિકા તાલુકામાં નાયબ પોલીસ કમિશનર શ્રી કરણરાજ વાઘેલા સામેલ થયા હતા. કાંગશિયાળી પ્રાથમિક શાળામાં તેમણે ૧૦ કુમાર, ૯ કન્યા મળી કૂલ ૧૯ બાળકોને પ્રવેશ કરાવ્યો હતો.

શ્રી વાઘેલાએ આ વેળાએ બાળકોને સતત અભ્યાસ કરતા રહેવા અને ભણગણી દેશનું નામ રોશન કરવા શીખ આપી હતી. તેમણે વાલીઓને તેમના બાળકના અભ્યાસ કરવાની અપીલ કરી હતી.

બાળકો દ્વારા સ્વાગત ગીતનું ગાન રજૂ કરવામાં આવ્યું હતું. છાત્રાઓ દ્વારા યોગ, સ્વચ્છતા મહાત્મ્ય વિશે વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

મહાનુભાવોના હસ્તે બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી. જ્યારે, વિવિધ વર્ગમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થનારા છાત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું.

નાયબ પોલીસ કમિશનર શ્રી વાઘેલાએ શાળા પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ શાળા ઉપરાંત વીરવા તથા પીપળિયા પાળ ગામે પણ શાળા પ્રવેશોત્સવમાં ભાગ લીધો હતો.

આ વેળાએ અગ્રણી શ્રી ભરતભાઈ ચાવડા, શ્રી લક્ષ્મણસિંહ જાડેજા, શ્રી ચંદુભાઈ રૂપાપરા, શ્રી રમેશભાઈ પરમાર, આઈટીઆઈ ઈન્સ્ટ્રક્ટર શ્રી કુલદીપભાઈ રાઠોડ, આચાર્ય શ્રી ગોંડલિયા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ એ પાયો છે શિક્ષણ વિના વિકાસ રહે અસંતુલીત –એમ.પીઠીયા

**જૂનાગઢ,** જૂનાગઢ જિલ્લામાં પ્રવેશોત્સ્વ કાર્યક્રમનાં દ્વિતિય દિવસે ભેસાણ તાલુકાનાં રાણપુર ગામેપ્રાથમિક શાળામાં ધો-૧ અને માધ્યમિક શાળામાં ધો-૯માં અને આંગણવાડીમાં પ્રવેશપાત્ર બાળકોને તેમનાં વાલીઓ ઉમંગ અને ઉલ્હાસભર્યા માહોલમાં શાળા સુધી લઈને આવ્યા હતા. આ વેળાએ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી એમ.એલ.પીઠીયાએ બાળકોને કુમકુમ તીલક કરી હેતથી આવકાર્યા હતા.રાણપુર ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલ કન્યાકેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન પે સેન્ટરર શાળા, કન્યા શાળાનાં મળીને ૭૦ વિદ્યાર્થીઓનેશ્રી પીઠીયાએ પુસ્ત્ક, દફતર અને પેન પેન્સીલની કીટ સાથે વિદ્યાર્થીઓને આપી શાળા પ્રવેશ અપાવ્યો હતો. આંગણવાડીનાં ભુલકાઓને રમકડાની કીટ અર્પણ કરી આવકાર્યા હતા.

આ પ્રસંગે રાણપુર ગામનાં ગ્રામજનોને અને વિદ્યાર્થીઓને સંબોધતા પીઠીયાએ જણાવ્યું કે, રાજયઅને રાષ્ટ્રના તંદુરસ્ત વિકાસ માટે શિક્ષણ એ પાયો છે. સરકારે રાજયના વિકાસમાં પ્રાથમિક શિક્ષણની જવાબદારી સ્વીકારી છેવાડાનાં વિસ્તારમાં રહેતા પરિવારોનાં બાળકો પણ શિક્ષણથી વંચિત ના રહે અને શિક્ષણનો નાદ સાર્થક કરવા દરેક વાલીએ, સામાજીક આગેવાનો જાગૃતિ કેળવી શિક્ષણમાં મહત્વનું યોગદાન આપી પોતાના બાળકને નિયમિત નિશાળે મોકલવા જોઈએ તથા અધવચ્ચેથી શિક્ષણ છોડી ન દે તેની સંપૂર્ણ કાળજી રાખી પોતાની સામાજીક જવાબદારીને સૂપેરે નિભાવવી જોઈએ. શિક્ષણ વિના વિકાસ થઈ શકે નહિ.ગામ અને ભાવિ પેઢીના વિકાસ માટે શાળા એ તો સંસ્કારનું સિંચન કરતુ પરબ છે. ભાવિ પેઢીના ઘડતરમાં શિક્ષણનો પાયો મજબૂત કરવા રાજય સરકાર કટિબધ્ધં છે.રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રયાસને કારણે પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયોઘટ્યો છે.વિદ્યાર્થીઓને ગણવેશ, પાઠ્યપુસ્તરક અને શિષ્ય વૃત્તિ આપવામાં આવે છે.અત્યંયત આધુનિક સુવિધાઓથી સજજશાળાઓમાં બાળકોને ઈન્ટુરનેટના માધ્યામથી પણ શિક્ષણ આપવામાં આવે છે. ત્યારે કોઈ પણ વ્યક્તિ શિક્ષણથી વંચિત રહી ન જાય તે માટે વાલીઓ, આગેવાનો, ખાસ કરીને શિક્ષકોએ સંપૂર્ણ નિષ્ઠા અને પ્રમાણિકતાથી વિશેષ ધ્યાન આપવુ પડશે.વર્ષ દરમ્યાન શાળામાં અભ્યાસક્ષેત્રે તેજસ્વીસતા દાખવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનીત કરાયા હતા. પ્રાથમિક શાળાની બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કરાયા હતા, શાળાનાં વિદ્યાર્થિઓએ વૃક્ષારોપણ, જળસંચય-જળસિંચન વિષયે અમુતવચન અંતર્ગત વિચારો વ્યક્ત કર્યા હતા. શાળાની બાળાઓએ ગૌરવગાન અને સાંસ્કૃનતિક ગીત રજુ કરી અતિથીઓને આવકાર્યા હતા.રાણપુરનીકન્યાશાળાનાં બાળકોએ યોગ નિદર્શન રજુ કરી યોગની મહત્તા સમજાવી હતી. શ્રી પીઠીયાએરાણપુર શાળામાં અભ્યાસ કરી ચુકેલા ગામનાં જયેષ્ઠગ નાગરિકનું પુસ્ત ક અર્પણ કરી બહુમાન કર્યુ હતુ. આ પ્રસંગે રાણપુર ગામનાં શિક્ષણપ્રેમી પ્રબુધ્ધ નગરજનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના મેયર પદે હસમુખ જેઠવાની વરણી, ડે.મેયર તરીકે કરશન કરમુર

**જામનગર,** જામનગર શહેરમાં નવા મેયરના નામની જાહેરાત કરવામાં આવી છે. જામનગર શહેરના નવા મેયર પદે હસમુખ જેઠવાની વરણી કરવામાં આવી છે. જયારે ડે.મેયર તરીકે કરશન કરમુરની વરણી કરવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પદે સુભાષ જોશીની વરણી કરાઈ છે.

શાસક પક્ષના નેતા પદે દિનેશ અકબરીની વરણી કરવામાં આવી છે. સાથો સાથ દંડક તરીકે જડીબેન સરવૈયાની પસંદગી કરવામાં આવી છે. જામનગરમાં જ્ઞાતિના સમિકરણોના આધારે મેયરનુ પદ નક્કી કરવામા આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટના પણ મેયર, ડે.મેયર, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડકની જાહેરાત કરવામાં આવી છે. રાજકોટમાં મહિલા મેયર બનાવવામાં આવ્યા છે. રાજકોટના નવા મેયર તરીકે બીનાબેન આચાર્યની વરણી કરવામાં આવી છે.

સાથે જ ડેપ્યુટી મેયર તરીકે અશ્વિન મોલિયાની વરણી કરવામાં આવી છે. જયારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે ઉદય કાનગડની વરણી કરવામાં આવી છે. શાસક પક્ષના નેતા પદે દલસુખભાઈની વરણી કરવામાં આવી છે. આરએમસીના દંડક તરીકે અજય પરમારની પસંદગી કરવામાં આવી છે.

# બોગસ બિલ કૌભાંડમાં બે કોન્ટ્રાક્ટર સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો

**અમદાવાદ,** જી.પી. ચૌધરી ઈન્ફ્રાસ્ટ્રકચર્સ પ્રા. લિ.ના કોન્ટ્રાકટર ગણેશ ચૌધરી અને આકાશ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લિ.ના કોન્ટ્રાકટર યોગિન પટેલ સામે આઈઓસીના ડામર ખરીદીનાં બોગસ બિલ કૌભાંડ મામલે મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે તેઓની સામે છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે.

બે દિવસ અગાઉ માત્ર અરજી આપનાર સત્તાધીશોએ બે કોન્ટ્રાકટર વિરુદ્ધ કરાયેલી એફઆઈઆરમાં નવ જેટલાં ઈનવોઈસ બિલ સાથેની વિગત રજૂ કરાઈ હોઈ આ બિલને ઈજનેર વિભાગના અધિકારીઓએ મંજૂર કર્યા હતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ પ્રોજેક્ટના વહીવટી વિભાગના આસિસ્ટન્ટ મેનેજરે કારંજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ટેન્ડર પ્રક્રિયા મારફતે આકાશ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડના કોન્ટ્રાકટર યોગિન હરિભાઈ પટેલ (રહે. સેક્ટર-૧૧, ગાંધીનગર) દ્વારા વાસણા જી.બી. શાહ કોલેજથી કેનાલ સુધી, નિર્ણયનગર અંડરપાસથી રાણીપ સ્વિમિંગપૂલ સુધી અને ફોરેન્સિક ચાર રસ્તાથી રત્નસાગર ચાર સુધીનો રસ્તો રોડ રિસરફેસ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરીનું પેમેન્ટ મેળવવા માટે યોગિન પટેલે રૂ.૫૦.૩૬ લાખનાં નવ બિલ રજૂ કર્યા હતાં. આ બિલો જૂનથી જુલાઈ-૨૦૧૭ દરમ્યાન અલગ અલગ તારીખોએ ઈજનેર વિભાગ શાખાના જવાબદાર અધિકારીઓ દ્વારા ચકાસી વિવિધ પ્રોજેક્ટના વહીવટી વિભાગની ઓફિસે મોકલી આપવામાં આવ્યાં હતાં. જેમાંથી ત્રણ બિલની રકમ રૂ.૨૨.૧૯ લાખની રકમ ચૂકવી દેવામાં આવી હતી જયારે છ બિલની રકમ રૂ.૨૮.૧૭ લાખ ચૂકવવાના બાકી હતા.

ઉપરાંત જી.પી.સી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડના કોન્ટ્રાક્ટર ગણેશ પારથીભાઈ ચૌધરી (રહે. પાલનપુર) દ્વારા ટેન્ડર મારફતે અંતર્ગત ઉત્તર અને દક્ષિણ ઝોનમાં વોટર પ્રોજેક્ટ અંતર્ગત જુદી જુદી જગ્યાએ નાખવામાં આવેલી પાઈપલાઈનની રિએસ્ટેટમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## કૃષ્ણનગરની દુકાનમાં ચાલતા કોલ સેન્ટરના કૌભાંડનો પર્દાફાશ..!! ૩ની ધરપકડ

**અમદાવાદ,** શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલ એક કોમ્પ્લેક્સ દુકાનમાં ચાલતા ઈન્ટરનેશનલ કોલ સેન્ટરના કૌભાંડનો પર્દાફાશ કરતાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. વિદેશી નાગરિકોની લીડ મેળવીને તેમને લોન આપવાની લાલચ આપીને ત્રણેય ઠગાઈ કરતા હતા.

કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.પી.મારુ અને તેમની ટીમને બાતમી મળી હતી કે નેશનલ હાઈવે નંબર-૮ પર આવેલ વલ્લભ કોમ્પ્લેક્સના પહેલા માળે રાધે સોલ્યુશન નામની દુકાનમાં ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચાલી રહ્યું છે. પોલીસે ટીમ તૈયાર કરીને કાલે મોડી રાતે દરોડા પાડ્યા હતા. જેમાં દુકાનમાં ત્રણ યુવકો એક લેપટોપ પર કામ કરી રહ્યા હતા. પોલીસે ત્રણેય જણાની અટકાયત કરીને પૂછપરછ કરતા તેઓ કોલ સેન્ટર ચલાવતા હોવાનું કબૂલ્યું હતું.

ત્રણેય અમેરિકન ગ્રાહકોની માહિતી મેળવતા હતા. પોલીસે લેપટોપ ચેક કરતાં વિદેશી નાગરિકોની ૧૦૦ થી ૧૫૦ જેટલી લીડ મળી હતી.

ત્રણેય લીડના આધારે વિદેશી નાગરિકોને કોલ કરતા હતા અથવા તો કોલ ના લાગે તો વોઈસ મેસેજ, ટેક્સ મેસેજ અને ઇ-મેઈલ કરતા હતા.

# સિનેપોલીસ થિયેટર્સમાં ફિફા વર્લ્ડ કપ રશિયા ૨૦૧૮ ની નોકઆઉટ મેચોનું લાઈવ બ્રોડકાસ્ટ પ્રદર્શિત કરશે

સિનેપોલિસ, ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય અને વિશ્વની બીજી સૌથી મોટી મૂવી થિયેટર ચેઈન, ફિફા (FIFA) વર્લ્ડ કપ રશિયા ૨૦૧૮ના નોકઆઉટ મેચોના લાઈવ બ્રોડકાસ્ટ પ્રદર્શિત કરશે. આ પહેલ સાથે, સિનેપોલિસ ઈન્ડિયા ભારતની મોટી સ્ક્રીન પર ફુટબોલ લવર્સ માટે ઉજવણી અને પ્રદર્શન કરવા માટે સૌપ્રથમ પ્રદર્શક બનશે.

એસોસિએશન પર બોલતા, સિનેપોલિસ ઈન્ડિયાના સ્ટ્રેટેજિક ઈનિશિયેટીવ્સ ડિરેક્ટર શ્રી દેવાંગ સંપતે જણાવ્યું હતું કે, "૨૦૧૮ ફિફા (FIFA) વિશ્વ કપના 'સ્ટેડિયમ-ઈજેક્ટ' લાઈવ સ્ક્રિનીંગને પ્રસ્તુત કરવા માટે અમે ખુબ ખુશ છીએ . ભારતમાં ઘણા ક્રિકેટના ફેન્સ છે , પરંતુ આઈએસએલ અને ઈન્ડિયન ફૂટબોલ ટીમને અપવાદરૂપે સારી રીતે રજૂ કરવાથી સોકરની ભાવના નવા સ્તરે આવી છે. થિયેટર અનુભવને ઊંચા સ્તરે લાવાનો પ્રયત્ન કરે છે અને અમારા સમર્થકોને લોકો સાથે આનંદ માણવા માટે તક આપે છે. "

જો કે વર્લ્ડ કપ દર ચાર વર્ષે એક વખત થાય છે, તે લોકોની પસંદગી તેમની વય અને જાતિને અનુલક્ષીને કરે છે કારણ કે તેઓ તેમની મનપસંદ ટીમને ચિયર્સ કરે છે . તેથી હવે ફક્ત જુઓ જ નહીં, પરંતુ ફિફા (FIFA) વર્લ્ડ કપ રશિયા ૨૦૧૮ નો અનુભવ કરો.(૧૯-૧૦)

**નોટિસ**

ફોર્મ નં. આઈએનસી-૨૬

કંપનીઝ (ઈનકોર્પોરેશન) રૂલ્સ, ૨૦૧૪ના રૂલ ૩૦ અનુસરીને
કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ એક રાજ્યથી બીજામાં પરિવર્તન માટે
ન્યૂઝપેપરમાં જાહેરાત પ્રકાશિત કરવા
કેન્દ્ર સરકાર સમક્ષ
ઉત્તર-પશ્ચિમ પ્રદેશ, પ્રાદેશિક નિયામક, અમદાવાદ
કંપનીઝ (ઈનકોર્પોરેશન) રૂલ્સ, ૨૦૧૪ના નિયમ ૩૦ ના ક્લોઝ (એ) ના સબ- રૂલ (૫)
અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ના સબ- સેક્શન (૪) ના સંદર્ભમાં
અને

**એનઆઈસીપીએલ ઈન્ફ્રાલીન્કસ પ્રાઈવેટ લિમિટેડ (સીન : CIN: U45201GJ2010PTC060254)** ની રજીસ્ટર્ડ ઓફિસ એટ્ ૨૦૭, **ઈસ્કોન એવેન્યુ, ચ્વોઈસ રેસ્ટારેન્ટ સામે,સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત** ની બાબત માં

.....અરજદાર

આથી સામાન્ય લોકોને નોટિસ આપવામાં આવે છે કે કંપની કેન્દ્ર સરકાર ને સૂચિત કરે છે કે કંપની એક્ટ ૨૦૧૩ માં કલમ ૧૩ હેઠળ રજિસ્ટર્ડ ઓફિસ "ગુજરાત રાજ્ય" થી "મહારાષ્ટ્ર રાજ્ય **(આરઓસી, મુંબઈ)** માં બદલવા અની કંપની મેમોરેન્ડમ ઓફ એસોસિએશન માં ફેરફાર પ્રમાણિત કરવાની દરખાસ્ત -**તાઃ ૧૩ એપ્રિલ,૨૦૧૬**,એ યોજાએલી કંપની ની અસામાન્ય સાધારણ સભામાં નિયમ અનુસાર ખાસ ઠરાવ પસાર કરેલ છે.

કોઈ પણ વ્યક્તિ કે જેમના હિત ને કંપની ની રજિસ્ટર્ડ ઓફિસ પરિવર્તન કરવાથી અસર થતી હોય પોતાના વાંધા ના કારણો સોગંદનામા અથવા એમસીએ -૨૧ પોર્ટલ (www.mca.gov.in) ઈન્વેસ્ટર કમ્પલેઈન અથવા રજિસ્ટરેડ પોસ્ટ દ્વારા સુચના પ્રકાશન ના ૧૪ (ચૌદ) દિવસ ની અંદર પ્રાદેશિક નિયામક **ઉત્તર-પશ્ચિમ પ્રદેશ**, કોર્પોરેટ કાર્ય મંત્રાલય, **ROC ભવન રૂપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ -૩૮૦૦૧૩, ગુજરાત** અને અરજદાર કંપનીની નકલ તેની રજિસ્ટર્ડ ઓફિસ સરનામે ઉલ્લેખ નીચે કરવામાં આવેલો છે ત્યાં મોકલી શકે છે.

**એનઆઈસીપીએલ ઈન્ફ્રાલીન્કસ પ્રાઈવેટ લીમીટેડ**
રજીસ્ટર્ડ ઓફીસઃ **૨૦૭, ઈસ્કોન એવેન્યુ, ચ્વોઈસ રેસ્ટોરેન્ટ સામે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત.**

**એનઆઈસીપીએલ ઈન્ફ્રાલીન્કસ પ્રાઈવેટ લીમીટેડ, વતી**
**સહી/-**
**સચીન ગુપ્તા**
**ડિરેક્ટર**
**ડીનઃ ૦૦૨૭૦૮૯૮**
**સરનામું : ૫૯૮/૭, નંદાનગર**
**ઈન્દોર- ૪૫૨૦૦૧ (એમ.પી.)**
**તારીખ : ૧૫.૦૬.૨૦૧૮**
**સ્થળ : અમદાવાદ**

# પોસ્ટને ઓનલાઈન બનાવવા પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ

**અમદાવાદ,** ડિજિટલ ઈન્ડિયા પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ સહિત શહેરની તમામ ૧૧૬ પોસ્ટઓફિસોમાં ઓનલાઈન અને ડિજિટલ સેવા ઉપલબ્ધ બનાવવા કોર સીસ્ટમ ઈન્ટીગ્રેટેડ રોલ આઉટ સીસ્ટમ તાજેતરમાં અમલી બનાવાઈ છે પરંતુ હાલ પોસ્ટઓફિસોમાં સર્વર ડાઉન સહિતની વ્યાપક ફરિયાદોને લઈ પોસ્ટના ગ્રાહકો ત્રાહિમામ્ પોકારી ગયા છે. શહેરની મોટાભાગની પોસ્ટઓફિસોમાં સ્પીડ પોસ્ટ, રજીસ્ટર એડી, મની ઓર્ડર, ટેલિફોન બીલ, પાર્સલ બુકીંગ, એમઆઈએસ સહિતના તમામ કામો લગભગ અટવાઈ પડયા છે પરંતુ આ વ્યાપક ફરિયાદો અને ઉચાટ વચ્ચે એકબાજુ જયારે શહેરની મોટાભાગની પોસ્ટઓફિસોએ તેમની કામગીરી બંધ રાખી ગ્રાહકોને નિરાશ કર્યા હતા ત્યારે શહેરના મેમનગર વિસ્તારમાં આવેલી પોસ્ટઓફિસમાં ગ્રાહકોને સંતોષજનક કામગીરી અને પ્રતિસાદ આપી શ્રેષ્ઠ કામગીરીનું એક અનોખુ ઉદાહરણ પારૂ પાડયું હતું. જેને લઈ આ પોસ્ટઓફિસના સ્ટાફ અને અધિકારીઓની કર્તવ્યનિષ્ઠાની પ્રતીતિ સામે આવી હતી. બીજીબાજુ, પોસ્ટ ઓફિસોમાં નવી સીસ્ટમ લાગુ કરવાના કારણે સર્જાયેલી આ ખામી અને ફરિયાદોને લઈ તાત્કાલિક તેનું નિવારણ કરી પોસ્ટના ગ્રાહકો ખાસ કરીનો મહિલાઓ અને સિનિયર સીટીઝન્સ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવા ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે માંગણી કરી છે. શહેરની પોસ્ટઓફિસોમાં તમામ કામગીરી ઓનલાઈન અને ડિજિટલ બનાવવાના હેતુસર કોર સીસ્ટમ ઈન્ટીગ્રેટેડ રોલ આઉટ સીસ્ટમ અમલી બનાવાઈ છે પરંતુ તેના નવા પ્રોગ્રામ અને સોફટવેરના કારણે સર્વર ડાઉન સહિતની અનેક સમસ્યાઓ સર્જાઈ રહી છે, જેના કારણે રજિસ્ટર એડી, પાર્સલ બુકીંગ, મની ઓર્ડર બુકીંગ, સ્પીડ પોસ્ટ સહિતની લગભગ તમામ કામગીરી ખોરંભે પડી છે. આ અંગે ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું હતું કે, શહેરમાં મુખ્ય જીપીઓ સહિતની આંબાવાડી, નવરંગપુરા, નારણપુરા, માણેકબાગ સહિતની પોસ્ટઓફિસોમાં નવા સોફટવેર અને સીસ્ટમને લઈ ભારે મુશ્કેલી સર્જાઈ છે. આ નવતર સીસ્ટમની અમલવારીના પ્રથમ તબક્કે જ ગ્રાહકોની વ્યાપક ફરિયાદો સામે આવી છે. નિર્દોષ ગ્રાહકો પોતાના જુદા જુદા કામ માટે પોસ્ટઓફિસોમાં જાય ત્યારે સર્વર ડાઉન કે સોફટવેરના પ્રોબ્લેમના કારણે નિરાશ થઈ પાછા ફરી રહ્યા છે, પોસ્ટઓફિસોમાં ગ્રાહકોની લાંબી લાઈનો લાગી રહી છે. ઘણી પોસ્ટઓફિસોમાં તો અધિકારીઓ નાગરિકો-ગ્રાહકોને સંતોષજનક પ્રતિસાદ પણ આપી રહ્યા નથી. સિનિયર સીટીઝન્સ અને મહિલાઓની હાલત ભારે કફોડી બની છે, ત્યારે પોસ્ટ વિભાગના ઉચ્ચ સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓએ તાત્કાલિક નવી સીસ્ટમની સમસ્યાનું તાત્કાલિક નિવારણ કરી ગ્રાહકોને ઝડપી અને સરળ સેવા ઉપલબ્ધ બનાવવા પણ સમિતિના પ્રમુખ મુકેશ પરીખે ઉગ્ર માંગણી કરી હતી. આ માટે જરૂર પડયે કામચલાઉ ધોરણે પોસ્ટઓફિસોમાં કાઉન્ટરો અને સ્ટાફ વધારવા પણ તેમણે માંગણી કરી હતી. બીજીબાજુ, ગ્રાહકોમાં ઉઠેલી વ્યાપક ફરિયાદોને લઈ પોસ્ટવિભાગના સત્તાવાળાઓએ પણ તેમના ટેકનીકલ અને નિષ્ણાત માણસોને કામે લગાડયા છે પરંતુ હજુ સમગ્ર સીસ્ટ્મ રૂટીન અને રાબેતામુજબ બનતા પાંચ-સાત દિવસનો સમય નીકળી જાય તેમ લાગી રહ્યું છે.

## ચોમાસામાં તૂટેલા રસ્તાના કેસમાં એક વર્ષ બાદ હજુ તંત્ર નોટીસનો ખેલ ખેલે છે

**અમદાવાદ,** ગત ચોમાસામાં રૂ. ૪૦૦ કરોડના રોડ ધોવાઈ ચૂક્યા છે પણ આજદિન સુધી એક પણ જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરાઈ નથી પણ અમદાવાદ મ્યુનિ. તંત્રએ ૪૬ રોડ તૂટવાના મુદ્દે એડિ. ઈજનેર એન. કે. મોદી, હરપાલસિંહ ઝાલા સહિત પાંચ એડિ. ઈજનેરોને નોટિસ ફટકારી છે. જયારે અન્ય જુનિયર કક્ષાના ૧૫ અધિકારીઓને શો-કોઝ નોટિસ ફટકારી છે.

પ્રજાની પરસેવાની કમાણીના ૪૦૦ કરોડ ધોવાઈ ગયા અને લાખો નાગરિકોને પારાવાર મુશ્કેલી પડી પણ હજુ નોટિસનો ખેલ ચાલી રહ્યો છે. દરમિયાન ઉચ્ચ અધિકારીઓની કોઈની સામે સસ્પેન્શન જેવા પગલાં લેવાની તાકાત પણ ચાલતી નથી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને બે વર્ષમાં રૂ. ૪૯૦ કરોડના રોડ બનાવ્યા હતા. ચોમાસામાં ૧૮૦ રોડ ધોવાઈ ગયા હતા.

युनाइटेड बैंक ऑफ़ इंडिया
United Bank of India
प्रधान कार्यालय : 11, हेमन्त बसु सरणी, कोलकाता - 700 001
Head Office : 11, Hemanta Basu Sarani, Kolkata - 700 001
E-mail : utbihoc@vsnl.com/homail@unitedbank.co.in

ફોન નં.: ૦૭૯-૨૫૫૦૭૦૩૨/૩૬
ફેક્સ : ૦૭૯-૨૫૫૦૭૦૩૪
ઈ-મેઈલ : advahb@unitedbank.co.in

રિજનલ ઓફિસ, અમદાવાદ ક્ષેત્ર,
યુબીઆઈ ભવન, લાલ દરવાજા,
અમદાવાદ-૩૮૦૦૦૧.

**પરિશિષ્ઠ-IV**
કબ્જા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)

આથી, નીચે સહી કરનાર **યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાના** અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકંસ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ ઈનફોર્સમેન્ટ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (ઈનફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪)ના રૂલ ૩ સાથે વાંચતા સેક્શન ૧૩(૧૨) હેઠળ, **તારીખ ૦૭.૦૪.૨૦૧૮**ના રોજ એક **માંગણા નોટીસ** આપી કરજદાર **શ્રી વનરાજ રમેશભાઈ ગઢવી (કરજદાર)** અને **શ્રીમતી રજનબેન રમેશભાઈ ગઢવી ( સહકરજદાર), બ્લોક નં.- બી/૩, પ્લોટ નં.-૧૪, માધવ ટેનામેંટ , તમન્ના બંગલોઝ પાસે, પટેલ કાલોની-૧૨, સ્ટ્રીટ નં.- ૨૩, જામનગર ગુજરાત - ૩૬૧૦૦૮** ને નોટીસમાં જણાવેલ **રૂા.૧૦૯૯૧૦૮.૦૦ ( રૂપિયા દસ લાખ નોવાણું હજાર એકસો આઠ પુરા)**જણાવેલ નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવણી કરવા જણાવવામાં આવ્યું હતું. કરજદાર નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ ચુકવવામાં નિષ્ફળ જતા અહી કરજદાર/ જામીનદાર અને સામાન્ય લોકોને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનારે જણાવેલ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન) નિયમ ૨૦૦૨ના સેક્શન ૧૩ની પેટા કલમ (૪) સાથે નિયમ ૮ વાંચતા તેના હેઠળ મળેલી સત્તા હેઠળ **તા. ૧૫મી જુન, ૨૦૧૮ના** રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/ તેણી નામે રહેલ મિલ્કતનો કબ્જો લીધો છે.કરજદારના એ ધ્યાનમાં રહે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ આ ગીરો મિલ્કત મુકત કરાવવાનો સમય મળે છે.

કરજદાર અને ખાસ કરી આમ લોકોને અહી મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર નહીં કરવા ચેતવણી આપવામાં આવે છે અને જો મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા, ને તાબામાં **રૂા.૧૦,૯૯,૧૦૮.૦૦/-** અને બાકીનું વ્યાજ જે કોઈ હોય તો તેના અધિન રહેશે.

**સ્થાવર મિલ્કતનો વર્ણન**

ગિરવે મુકેલ સ્વતંત્ર્ય મિલકત (રેસીડેન્શીયલ) જમીન અને બિલ્ડિંગ એટ્ બ્લોક નં. -બી/૩, પ્લોટ નં.-૧૪, સિટી સર્વે નં. ૩૯/જી/૫, સર્વે નં.- ૫૫૧૫, માધવ ટેનામેન્ટ, પંચવટી સોસાયટી, તમન્ના બંગલોઝ પાસે, પટેલ કાલોની-૧૨, સ્ટ્રીટ નં.-૨/૩, જામનગર ગુજરાત- ૩૬૧૦૦૮ **વેચાણ કરાર નં.૫૧૯૦ તા.૨૯.૧૧.૨૦૧૪, માપ ૬૧.૪૮** સ્કેવર મીટર્સ.
જે મિલ્કત **શ્રી વનરાજ રમેશભાઈ ગઢવી નામે છે.**
**સહ- કરજદાર- શ્રીમતી રંજનબેન રમેશભાઈ ગઢવી બી/૩, પ્લોટ નં.-૧૪, માધવ ટેનામેંટ, તમન્ના બંગલોઝ પાસે,પટેલ કાલોની-૧૨, સ્ટ્રીટ નં.-૨/૩, જામનગર ગુજરાત- ૩૬૧૦૦૮.**
**તેની ચારે બાજુ :**
ઉત્તરની તરફ - પ્લોટ નં. ૧૩/બી
દક્ષિણની તરફ - ૩.૫ મીટર્સ પહોળો રોડ
પૂર્વની તરફ - પ્લોટ નં.૧૪/એ-બી/૪
પશ્ચિમની તરફ - પ્લોટ નં. ૧૪/એ-બી/૨

તારીખ : ૧૫/૦૬/૨૦૧૮
સ્થળ : જામનગર

**અધિકૃત અધિકારી**
(યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા)

**સૂચના**
કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેઈલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.